અપીલ અરજી નં.૧૦૪ તા.૩–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી દિલહરબેન જયેન્દ્રસિંહ વાંસદીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિલહરબેન જયેન્દ્રસિંહ વાંસદીયાની તા.૨૧–૧–૧૧ ની અરજીથી તેમની માલીકીના કબ્જા હેઠળનું વહીવટનું મકાન સને ૭–૯–૦૯ મા તોડી પાડી અંદાજે રૂા.૮ થી ૯ લાખનું નુકશાન કરેલ છે તે કોના વાંધા અરજી મુજબ? તેમજ વ્યકિતને વાંધા ઉઠાવવાનો કાયદેસરનો હકક , અધિકાર છે કે કેમ? તેની વિગત. પ્રવિણસિંહ રાણાના મકાનો ગેરકાયદેસર હોઈ કેમ તેને તોડી પાડેલ નથી? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૩–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૦૪/૨૦૧૧–૧૨

શ્રી દિલહરબેન જયેન્દ્રસિંહ વાંસદીયાની તા.૨૧–૧–૧૧ ની અરજીથી તેમની માલીકીના કબ્જા હેઠળનું વહીવટનું મકાન સને ૭–૯–૦૯ મા તોડી પાડી અંદાજે રૂા.૮ થી ૯ લાખનું નુકશાન કરેલ છે તે કોના વાંધા અરજી મુજબ? તેમજ વ્યકિતને વાંધા ઉઠાવવાનો કાયદેસરનો હકક , અધિકાર છે કે કેમ? તેની વિગત. પ્રવિણસિંહ રાણાના મકાનો ગેરકાયદેસર હોઈ કેમ તેને તોડી પાડેલ નથી? તેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતિ અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.એન.ઝેડ/આઉટ/૭૯૩૫ તા.૨૨–૩–૧૧ થી આપેલ માહિતિ અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને લગભગ દોઢ માસના વિલંબથી તા.૩–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૧ તા.૯–૬–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અરજી લગભગ ૧ ૧/૨ માસની વિલંબિત અપીલ અરજી માટે આરટીઆઈ કાયદાની કલમ ૧૯(૧) હેઠળ વિલંબ માટે વ્યાજબીપણું રજુ કરવા તથા મુળ અરજીની વિગત,ફી ની વિગત રજુ કરેલ ન હોઈ તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૫૯૯ તા.૧૫–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૯૩૫ તા.૨૨–૩–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા. ૨૧–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૯૩૫ તા.૨૨–૩–૧૧ થી " ૧,૨ કૃષ્ણનગર સોસા., જુના કોસાડ રોડ, અમરોલી વાળી મિલ્કતમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે અરજદારો (૧) શ્રી પ્રવિણસિંહ બહાદુરસિંહ રણા (૨) અર્જુનસિંહ બહાદુર સિંહ રણા તથા કૃષ્ણનગર સોસા.ના રહીશો ધ્વારા નોર્થઝોન કચેરીએ તથા જુદી જુદી જગ્યાએ ફરીયાદ કરવામાં આવતાં સદર જગ્યાએ સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી સિવાય કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ નોર્થઝોન કચેરીએથી દુર કરવામાં આવેલ હતું. " તેવું જણાવેલ. જે બાબતે અરજદારે તા.૨૨–૩–૧૧ ના રોજ આપેલ માહિતી અધૂરી હોવાના જણાવી તા.૩–૬–૧૧ ના રોજ લગભગ દોઢ માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે પ્રવિણસિંહ રાણા તથા અર્જૂનસિંહ રાણા ના મકાન કોઈ પણ કાયદેસરની પરવાનગી વગર બાંધકામવામાં આવેલ છે તે ગેરકાયદેસર બાંધકામો આજ દિન સુધી તોડી પાડવામાં આવેલ નથી તે કેમ? તેવું જણાવેલ છે. જે અંગે અપીલ તબકકે વિલંબિત અપીલ અંગે અરજદાર પાસે વાજબીપણુ માંગવા છતાં અરજદાર તરફથી રજૂ કરવામાં આવેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ અનુસાર જો દિન–૩૦ માં માહિતી નહીં મળે અથવા તો મળેલી માહિતીની તારીખથી તેની નારાજગી અંગે દિન–૩૦ માં પ્રથમ અપીલ કરવાની રહે છે . અરજદારે દોઢ માસના વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબથી કરેલ છે આથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરિતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે માંગવામાં આવેલી માહિતી તા.૭–૯–૧૦ ના રોજ તોડી પાડેલ અંદાજે રૂા.૮ થી ૯ લાખનું નુકશાન કરેલ છે કોની વાંધા અરજી મુજબ ? તેમજ તે વ્યકિત વાંધા ઉઠાવવાનો હક કે અધિકારી છે કે કેમ તેની વિગત પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારને પ્રવિણસિંહ રાણાના મકાનો ગેરકાયદેસર હોઈ કેમ તોડી પાડેલ નથી? તે અંગેની કોઈ વિગતો પૂરી પાડેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૦૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી પ્રવિણસિંહ રાણાનું મકાનની બાંધકામ બાબતની માહિતી નહીં પુરી પડાયેલ હોઈ અરજદારની વાજબીપણા વિનાની વિલંબિત અપીલ ધ્યાને લઈ તેટલી માહિતી આરટીઆઈ એકટની કલમ –૭(૩) અને નિયમ–૫ હેઠળ અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી ( કતારગામઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી ( કતારગામઝોન)...જાણ તથા અમલ માટે :
(૨) શ્રી દિલહરબેન જયેન્દ્રસિંહ વાંસદીયા,